**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૫/૦૨/૨૦૧૬ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૬૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી ૧૨૩ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૪ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૫૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૭૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૭૧/૧૬**

**અમરાઈવાડીઃ** લક્ષ્મણભાઈ જેસીંગભાઈ બામણીયા (રહે.સતનામ એસ્ટેટ વિભાગ-૧ ગુલાબનગર નાગરવેલ હનુમાન રોડ અમરાઈવાડી) એ તા.૨૪/૨/૧૬ નારોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૨/૧૬ કલાક ૯/30 વાગ્યાના સુમારે સત્યમનગર માર્કેટ રૂપાલા વિદ્યામંદિર હાઈસ્કૂલ નજીકથી પોતાની પુત્રી હેતલબહેન (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ઓ એમ દેસાઈ ચલાવે છે.

**વટવાઃ** ઉકારસિંગ નાયકડા તોમર (રહે.સોરવા સુરવી ફળીયુ પોષ્ટ સોરવા જીલ્લો અલીરાજપુર એમ.પી.) એ મધ્ય પ્રદેશ (એમ.પી.) ખાતે ફરીયાદ નોધાવતા ગુનો અમદાવાદ વટવા પોલીસ સ્ટેશન વિસ્તાર નારોલ ગામ બાલ કૃષ્ણ -૨ ટેક્ષટાઈલ્સ મીલ કપડામીલ વટવા ખાતે બનેલ હોઈ એમ.પી. ખાતેથી ૦૦/૧૬ નંબરથી ફરીયાદ નોંધી તા.૨૧/૨/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન તરફ આવતા ગુનો નોધેલ છે કે તા.૧૬/૧૨/૧૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી ઉકારસિંગ તોમરની બહેન સુમિત્રાબહેન (ઉ.વ.૧૭) ને શકદાર આરોપી કાળુ સનુ (રહે.અલકબારા બિહાર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે એચ સરવૈયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૭૨/૧૬**

**અમરાઈવાડીઃ** કિર્તીકુમાર કેશવલાલ પટેલ (રહે.માનસી સોસાયટી અજય ટેનામેન્ટ વિભાગ-૫ વસ્ત્રાલ રામોલ) એ તા.૨૪/૨/૧૬ નારોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૮/૧૫ થી તા.૨૪/૨/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન અમરાઈવાડી શ્રીજી ઓફસેટ નામના કારખાને ખાતે ક્રિસ્ટલ ડીજીટલ્સ કંપનીના માલીક અજયકુમાર (રહે.ક્રિસ્ટલ ડીજીટલ્સ ડી.નં.૨૯/૧૩/૨૬ પહેલો માળ સન્યાસી રાજુ સ્ટ્રીટ, ગાંધીનગર વિજયવાડા આંધ્રપ્રદેશ) સાથે સીટી-સીપી મશીનની લેવડ-દેવડ કરતાં નક્કી કરેલી કિમતનાં ૭૦% રૂપિયા ૩૩,૦૦,૦૦૦/- બેન્ક મારફતે આપેલ અને ૩૦% રકમ મશીન આપ્યા બાદ આપવાનું નક્કી થયેલ હતુ. તેમ છતાં આજદીન સુધી મશીનની ડીલીવરી નહી કરી, તેમજ પૈસાની માંગણી કરતા, પૈસા પરત નહી આપી, કિર્તીકુમાર સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેશભાઈ શંકરભાઈ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૭૩/૧૬**

**રખિયાલઃ** બીપીનભાઈ ગણેશભાઈ માળી (રહે.બી બ્લોક અનમોલ ટાવર શાહીબાગ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૨/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૨૪/૨/૧૬ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન રખિયાલ ફ્રેમલ એસ્ટેટ ગુજરાત બોટલીંગ રોડ સાગર ટ્રેડીંગ નાનમી કંપનીની ઓફીસના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાંથી ડી.વી.આર. સાથેના કેમેરા કુલ નંગ-૬ એસ્ટુમેન્ટ મળી કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી બળદેવસિહ રામસિહ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૭૪/૧૬**

**મેઘાણીનગરઃ** કિશોરભાઈ છપ્પનભાઈ પટણી (ઉ.વ.૩૫) (રહે.યોગેશ્વરની ચાલી રામેશ્વર મેઘાણીનગર) તા.૨૩/૨/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાયમસ ઉપર રસોઈ બનાવતા હતા ત્યારે પ્રાયમસમાં ભડકો થતા કિશોરભાઈ દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વાય પી પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૭૫/૧૬**

**ઘાટલોડીયાઃ** મૃદુલાબહેન અરવિદભાઇ પટેલ (ઉ.વ.૬૦) (રહે. અર્જુન રત્નમ એપાર્ટમેન્ટ વર્ધમાનનગરની સામે ઘાટલોડીયા) એ ડિપ્રેશનની બીમારીથી કંટાળી તા.૨૪/૨/૧૬ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે થલતેજ ઝાયડસ હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી એલ પાટીલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)